જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૭/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૭૩/૧૮

જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :

## ઈન્ગ્લીશ દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા આરોપીને પાસા હેઠળ પકડતી જીઆઇડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ **તુફાનભાઈ કિશનભાઈ બારીયા ઉ.વ ૨૦ રહે- ગામ- વિંઝોલ ક્રોસિંગ સામેના કાચા છાપરા વટવા રેલ્વે સ્ટેશન સામે વિંઝોલ જીઆઈડીસી વટવા અમદાવાદ શહેર** નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ વટવા પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં-૫૧૨૭/૧૮ પ્રોહી એકટ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર- ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૪૬/૧૮ તા:૦૫/૦૭/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને સર્વેલન્સ સ્કોડના પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા નાઓ વોચમાં રહી મળી આવતા પકડી લઈ તા:૦૫/૦૭/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**ચાંદખેડા પોલીસ સ્ટેશન :**

આજ રોજ અમો ચાંદખેડા પો.ઈન્સ. એ.સી.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. વી.આર. દેસાઈ તેમજ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે મે,ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-01,સાહેબ નાઓએ રાખેલ પ્રોહિ ડ્રાઈવ અનુસંધાને મે, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-02 સાહેબ તથા મે,મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એલ" ડીવીઝનનાઓની સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ ડ્રાઈવ અંગે પ્રોહિ બુટલેગરો તેમજ પ્રોહિ અંગેના શકમંદ ઈસમોને ત્યાં પ્રોહિ અંગેની રેઈડ કરવા સારુ નિકળેલા તે દરમ્યાન ચાંદખેડા પોલીસ સ્ટેશન પ્રોહિ ગુ.ર.નં.5110/2017 ધી પ્રોહિ કલમ.66(1)બી,65(એ),(ઈ),116(1)બી,81 મુજબના કામે વોન્ટેડ આરોપી નામે વિજય કિશનભાઈ દંતાણી ઉ.વ.28 રહેવસી,મ.નં.107/634,ખોડીયારનગર ગુ,હા, બોર્ડ,ચાંદખેડા અમદાવાદ શહેરનાનો મળી આવતા આ ગુનામાં અટક કરેલ છે તથા સાબરકાંઠા જિલ્લાના ચિઠોડા પોલીસ સ્ટેશનના પ્રોહિ ગુ.ર.નં.62/18 પ્રોહિ કલમ. 65(એ)ઈ,98(2) મુજબના કામનો વોન્ટેડ આરોપી પૃથ્વી કિશોરભાઈ પઢીયાર ઉ.વ. 20 રહેવસી,મ.નં.એ/10,પ્રહલાદ પાર્ક શુભલક્ષ્મીનગર,ચાંદખેડા, અમદાવાદ શહેર નાને સી.આર.પી.સી.કલમ.41(1) આઈ મુજબ અટક કરેલ છે.આમ <u>02</u> વોન્ટેડ આરોપી પકડેલ છે. તા.05/07/2018

**ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :**

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા નાગજીભાઇ લલ્લુભાઇ દેસાઇ ઉ.વ.૨૮ રહે- મ.નં.૭ કાંકરીયા હનુમાનની ચાલી કાંકરીયા હનુમાન મંદિર પાછળ સોલા રોડ ઘાટલોડીયા અમદાવાદ મુળ ગામ-ઇરાણા તા-કડી જી-મહેસાણા નાઓ વિરૂધ્ધ અત્રેના ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે (૧) ફ.ગુરનં.૬૭/૧૭ ઇપીકો કલમ-૩૨૬,૩૨૫,૩૨૪,૩૨૩,૨૯૪(ખ) વિગેરે (૨) ફ.ગુરનં.૧૪૬/૧૭ ઇપીકો કલમ-૩૩૭,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ મુજબના શરીર સબંધી ગુના કરવાની ટેવવાળા હોય સદરી ઇસમ વિરૂધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૩૨૦/૧૮ તા.૦૭/૦૫/૨૦૧૮ ના હુકમ આધારે ભુજ જેલ ખાતે મોકલી આપવા હુકમ કરેલ હોય જે હુકમ આધારે આજરોજ તા.૦૬/૦૭/૨૦૧૮ ના કલાક ૧૯/૧૫ વાગે હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ જેલ ખાતે મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.